# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર શાળાઓની ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહના રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષા તા.૧૪/૦૨/૨૦૨૦ થી તા.૨૪/૦૨/૨૦૨૦ દરમ્યાન નક્કી થયેલ પરીક્ષા સ્થળો ખાતે લેવામાં આવનાર છે. પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષાર્થીઓની પ્રવેશિકા (હોલટીકીટ) તા.૦૧/૦૨/૨૦૨૦, શનિવારથી બોર્ડની વેબસાઈટ **www.gseb.org** અથવા **sciprac.gsebht.in** પરથી શાળા દ્વારા ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના માર્ચ-૨૦૨૦ પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયોની ખરાઈ કરીને તેમાં પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાન પ્રવાહ શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવો.

<u>નોંધ</u> – પ્રવેશિકા (હોલટીકીટ) ડાઉનલોડ કરવા વિદ્યાર્થીનો એપ્લીકેશન નંબર તેમજ શાળાનો ઈન્ડેક્ષ નંબર અથવા પરીક્ષાર્થીની જન્મ તારીખ ભરવાની રહેશે. જે રીપીટર વિદ્યાર્થીઓના એપ્લીકેશન નંબર ના હોય તેઓની **HALL TICKET SID NUMBER** ભરીને **DOWNLOAD** કરી શકશે.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા – 30/૦૧/૨૦૨૦, ગુરૂવાર

સ્થળ - ગાંધીનગર.